| | | | |
|---|---|---|---|
| | | રજૂ તારીખ | ૦૬–૦૫–૨૦૨૫ |
| | | દાખલ તારીખ | ૦૬–૦૫–૨૦૨૫ |
| | | ફેસલ તારીખ | ૨૯–૦૪–૨૦૨૬ |
| | | સમયગાળો | |

**ખેડા જીલ્લાના મહે.ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમાં,નડીઆદ**

**ક્રિમીનલ અપીલ નં. ૨૪૨/૨૦૨૫**

**આંક–**

એપેલન્ટ :– બિપિન ઉર્ફે ભાગલો ઈશ્વરભાઈ સોઢા પરમાર
ઉ.વ.૪૨ ધંધો–ખેતી
રહે.પાણીની ટાંકી પાસે, મુ.માઘરોલી
તા.નડીઆદ જી.ખેડા

વિરુધ્ધ

રીસ્પોન્ડન્ટસ :– શ્રી સરકાર

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૧૫**
**ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૭૪(૩) મુજબ અપીલ**

એપેલન્ટ તરફે વિ.વ.શ્રી ડી.પી.પરીખ
રીસ્પોન્ડન્ટ તરફે વિ.એ.પી.પીશ્રી ડી.આર.બારોટ

ચૂકાદો

(૧) એપેલેન્ટ દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૧૫ તથા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૭૪(૩)અન્વયે નડીઆદના બીજા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ એપેલન્ટ/આરોપીને ક્રિમીનલ કેસ નં.૧૩૬૧/૨૦૧૮, ના કામે તા. ૦૮/૦૪/૨૦૨૫ ના રોજ આંક–૫૧ ના ચુકાદામાં ઈ.પી.કો.કલમ–૩૨૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૬(છ) મહીનાની સાદી કેદની સજા તથા

રૂા.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર)પુરાનો દંડનો હુકમ કરેલો,જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ૩(ત્રણ) માસની સાદી કેદની સજાનો તથા ઈ.પી.કો.કલમ–૩૨૫ મુજબના ગુનામાં તકસીસરવાન ઠરાવી ૨(બે) વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૧૦૦૦/ (અંકે રૂપિયા એક હજાર) પુરાનો દંડનો હુકમ કરેલો, જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ૬(છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરેલો જે હુકમથી નારાજ થઈ એપેલેન્ટે હાલની આ અપીલ દાખલ કરેલ છે.

**(૨)** એપેલેન્ટની અપીલની નોટીસ રિસ્પોન્ડન્ટને બજી જતા રિસ્પોન્ડન્ટ તરફથી વિ.ડી.પી.પી.શ્રી ડી.આર.બારોટ હાજર થયેલ છે.

**(૩)** એપેલેન્ટ/મૂળ આરોપી તરફથી આંક–૦૯ થી પરવાનગી અરજી આપતા જે રેકોર્ડ ઉપર લેવામાં આવેલ છે.

**(૪)** એપેલેન્ટ/મૂળ આરોપી તથા રિસ્પોન્ડન્ટ/મૂળ ફરિયાદીએ આંક–૧૦ થી સમાધાન પુરસીસ તથા આંક–૧૧ થી ટ્રાયલ કોર્ટનો હુકમ સેટએસાઈડ કરવા અરજી રજુ કરી સમાધાન પુરસીસમાં જણાવેલ છે કે,સદર કામમાં પક્ષકારો એક જ ગામના ફળીયાના રહીશો છે.ગામના અગ્રણ્ય વ્યકિતની સમજાવટથી તેમને સમાધાન થઈ ગયેલ છે.હવે તેમને શાંતિથી રહેવાનુ છે અને એક બીજા સાથે હવે કોઈ ઝઘડો રહેલ નથી તેમ જણાવી પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોવાની હકીકત જાહેર કરતા હોઈ સમાધાન પુરસીસ આધારે પક્ષકારોનું સમાધાન ગ્રાહ્ય રાખવામાં આવે છે અને નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**॥ આખરી હુ ક મ ॥**

**(૧)** હાલના એપેલેન્ટ/મૂળ આરોપીની હાલની અપીલ નં.૨૪૨/૨૦૨૫ સમાધાન મુજબ મંજૂર કરવામાં આવે છે.

**(૨)** નડીઆદના બીજા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ એપેલન્ટ/આરોપીને ક્રિમીનલ કેસ નં.૧૩૬૧/૨૦૧૮,ના કામે તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ આંક–૫૧ ના ચુકાદામાં ઈ.પી.કો.કલમ–૩૨૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૬(છ) મહીનાની સાદી કેદની સજા તથા રૂા.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર)પુરાનો દંડનો હુકમ કરેલો,જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ૩(ત્રણ) માસની સાદી કેદની સજાનો તથા ઈ.પી.કો.કલમ–૩૨૫ મુજબના

ગુનામાં તકસીસરવાન ઠરાવી ૨(બે) વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૧૦૦૦/ (અંકે રૂપિયા એક હજાર) પુરાનો દંડનો હુકમ કરેલો, જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ૬(છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરેલો તે હુકમ રદ યાને સેટ એસાઈડ કરવામાં આવે છે અને ટ્રાયલ કોર્ટમાં જમા કરાવેલ દંડની રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૪) આ ચુકાદાની એક પ્રમાણિત નકલ સહિત, ટ્રાયલ અદાલતનું રેકોર્ડ તથા પ્રોસીડીંગ્સ વહેલી તકે પરત મોકલી આપવું.

હુકમ આજે તા.૨૯ માહે: એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તારીખ :-૨૯/૦૪/૨૦૨૬
નડીઆદ.

**(પ્રકાશકુમાર પી.પુરોહીત)**
ત્રીજા અધિક સેશન્સ જજ,
નડીઆદ.
કોડ નં.જી.જે.૦૦૬૮૫

(આર.બી.ગોસ્વામી)